સવાલ સાથે
જવાબ પેપર

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
## વાર્ષિક પરીક્ષા **જૈનશાળા** નું પેપર
તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: **૧** • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ નીચેના પાઠની પૂર્તિ કરો :** **(૨૪) ૫૦**

**(ક)** ૧) ન પાલિયં .......... આણાએ
**જ:** ૧) ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં ન સોહિયં આરાહિયં આણાએ
૨) કિત્તિય .......... સિધ્ધા
**જ:** ૨) કિત્તિય વંદિય મહિયા જે એ લોગસ્સ ઉત્તમા સિધ્ધા
૩) અરિહંતાણં .......... કાયં
**જ:** ૩) અરિહંતાણં ભગવંતાણં નમોક્કારેણં ન પારેમિ તાવ કાયં
૪) જિણાણં .......... મુત્તાણં
**જ:** ૪) જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુધ્ધાણં બોહિયાણં મુત્તાણં
૫) ઓસા .......... સંક્રમણે
**જ:** ૫) ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંક્રમણે
૬) સામાઇયં .......... પજ્જુવાસામિ
**જ:** ૬) સામાઇયં સામાઇયં સાવજ્જ જોગં પચ્ચક્ખામિ જાવ નિયમ પજ્જુવાસામિ

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :** **(૮)**

| | | | |
|---|---|---|---|
| **જ: ખ) સાથે** | ૧) તસ્સ | **જવાબ :** | તેની |
| | ૨) ઇચ્છામિ | **જવાબ :** | ઇચ્છું છું |
| | ૩) નમો | **જવાબ :** | નમસ્કાર હોજો |
| | ૪) ઉદ્દવિયા | **જવાબ :** | ધ્રાસકો પમાડીયો હોય |
| | ૫) જાવ | **જવાબ :** | જ્યાં સુધી |
| | ૬) દેવયં | **જવાબ :** | આપ ધર્મદેવ સમાન છે |
| | ૭) પણગ | **જવાબ :** | પંચવર્ણી તીલફૂગ |
| | ૮) વંદામિ | **જવાબ :** | વંદન કરું છું |

**(ગ) નીચેના શબ્દોનું માગધી લખો :** **(૮)**

| | | |
|---|---|---|
| ૧) આપ જ્ઞાન સ્વરૂપ છો. | **જવાબ :** | ચેઇયં |
| ૨) ઓડકાર આવવાથી | **જવાબ :** | ઉડ્ડુએણં |
| ૩) સચિત્ત માટી | **જવાબ :** | મટ્ટી |
| ૪) સત્કાર કરું છું | **જવાબ :** | સક્કારેમિ |
| ૫) ધૂળ આદિથી ઢાંક્યા હોય | **જવાબ :** | વત્તિયા |
| ૬) ત્યાં સુધી | **જવાબ :** | તાવ |
| ૭) વિરાધનાથી | **જવાબ :** | વિરાહણાએ |
| ૮) આચાર્ય ભગવંતોને | **જવાબ :** | આયરિયાણં |

**(ઘ) એક વાક્યમાં જવાબ લખો :** **(૫)**

૧) તીર્થનું બીજું નામ શું છે ?

**જ:** ૧) તીર્થનું બીજું નામ ચતુર્વિધ સંઘ છે .

૨) ભગવાન કેવા છે ?

**જ:** ૨) ભગવાન પરમ ઉપકારી, પરમ હિતકારી, પરમ સુખકારી છે .

૩) અરિહંત ભગવાને કેટલા કર્મ ખપાવ્યા છે ?

**જ:** ૩) અરિહંત ભગવાને ચાર કર્મ ખપાવ્યા છે .

૪) પાંચ અંગ કયા કયાં છે ?

**જ:** ૪) પાંચ અંગ – બે હાથ બે પગ ૧ માથું .

૫) ગુરુવંદનના પ્રકાર કયા કયા ?

**જ:** ૫) ગુરુવંદનના ત્રણ પ્રકાર ૧) જઘન્ય વંદના, ૨) મધ્યમ વંદના, ૩) ઉત્કૃષ્ટ વંદના .

**(ચ) જોડકા જોડો :** **(૫)**

| | | | | જવાબ |
|---|---|---|---|---|
| ૧) | વંદના | = | ૮ | કૃષ્ણ મહારાજા |
| ૨) | અરિહંત | = | ૨૭ | આહાર કરે |
| ૩) | સિધ્ધ | = | કૃષ્ણ મહારાજા | ૮ |
| ૪) | સાધુ – સાધ્વી | = | તિક્ખુત્તો | ૨૭ |
| ૫) | પ્રદક્ષિણા | = | આહાર કરે | તિક્ખુત્તો |

**પ્ર. : ૨ માગ્યા પ્રમાણે નામ લખો :** **૧૫**

૧) છઠ્ઠા અને અઢારમા તીર્થંકર .

**જ:** ૧) છઠ્ઠા તીર્થંકર – શ્રી પદ્મપ્રભ સ્વામી, અઢારમાં તીર્થંકર – શ્રી અરનાથ સ્વામી

૨) ત્રીજા અને દસમા ગણધર .

**જ:** ૨) ત્રીજા ગણધર – વાયુભૂતિ, દસમા ગણધર – મેતાર્ય

૩) બીજા અને સાતમા શ્રાવક .

**જ:** ૩) બીજા શ્રાવક – કામદેવ , સાતમા શ્રાવક – શકડાલપુત્ર

૪) આઠમી અને ચૌદમી સતી .

**જ:** ૪) આઠમી સતી – સુલસા, ચૌદમી સતી – પુષ્પચૂલા

૫) પ્રથમ અને પાંચમું છ' કાયના ગોત્રનું નામ .

**જ:** ૫) પ્રથમ છ' કાયના ગોત્રનું નામ – પૃથ્વીકાય (માટી),
પાંચમા છ' કાયના ગોત્રનું નામ – વનસ્પતિકાય (ઝાડ, પાન)

૬) ત્રીજું અને સાતમું કર્મ .

**જ:** ૬) ત્રીજું કર્મ – વેદનીય કર્મ, સાતમું કર્મ – ગોત્ર

૭) ચૌથું અને છઠ્ઠું તત્ત્વ .

**જ:** ૭) ચૌથું તત્ત્વ –પાપ તત્ત્વ, છઠ્ઠું તત્ત્વ – સંવર તત્ત્વ

૮) આપણાં દેવ કોણ છે ?

**જ:** ૮) આપણાં દેવ અરિહંત દેવ છે .

**પ્ર.: ૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.** **(૫) ૧૫**

**(ક)** ૧) મારા ઉપર સૌથી વધારે ઉપકાર કોના છે ?

**જ:** ૧) સિધ્ધ ભગવાનની ચોળખાણ અરિહંત કરાવે છે તેથી ઉપકારની દ્રષ્ટિએ અરિહંત ભગવાનની મુખ્યતા છે અને ગુણોની દ્રષ્ટિએ સિધ્ધ ભગવાની મુખ્યતા છે.

૨) જય જિનેન્દ્ર એટલે શું ?

**જ:** ૨) જય જિનેન્દ્ર એટલે અનંત જિનેશ્વર ભગવંતોનો જય હો.

૩) સૂર્યાસ્ત પછી શેનો ત્યાગ કરશો ?

**જ:** ૩) સૂર્યાસ્ત પછી, આહારનો ત્યાગ કરશું

૪) અત્યારે કોનું શાસન ચાલે છે ?

**જ:** ૪) ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું શાસન ચાલે છે.

૫) જ્યાં ૪ હોય ત્યાં શું બોલાય ?

**જ:** ૫) જ્યાં ૪ હોય ત્યાં નમો ઉવ્વજઝાયાણં બોલાય.

**જવાબ (ખ) ખાલી જગ્યા પૂરો :** **(૫)**

**સાથે**

| | | |
|---|---|---|
| ૧) | જમતી વખતે ........ રાખીશ. | **જવાબ :** મૌન |
| ૨) | રજોહરણ ........ બનેલો છે. | **જવાબ :** ઊનનો |
| ૩) | ........, વિરુદ્ધ ન જશો. | **જવાબ :** શિક્ષકની |
| ૪) | વિવેકથી ........ બનાય. | **જવાબ :** સૌને પ્રિય |
| ૫) | સમયને ઓળખે તે ........ | **જવાબ :** ડાહ્યો |

**(ગ) સાચું કે ખોટું છે તે લખો :** **(૫)**

| | | |
|---|---|---|
| ૧) | સહન કરવામાં દસ ગુણ. | **જવાબ :** ખોટું છે. |
| ૨) | ઠવણી એ આસન મૂકવાનું સાધન છે. | **જવાબ :** ખોટું છે. |
| ૩) | જ્ઞાનાભ્યાસ કરી સમજણ કેળવવાથી મનને જીતાય. | **જવાબ :** સાચું છે. |
| ૪) | વિવેકથી ધર્મની શોભા વધે છે. | **જવાબ :** સાચું છે. |

**પ્ર.: ૪ કથાના આધારે જવાબ આપો.** **૧૦**

૧) દેવ કોનું રૂપ લઈ ભગવાન મહાવીરને ડરાવવા આવ્યો હતો ?

**જ:** ૧) દેવ પિશાચનું રૂપ લઈ ભગવાન મહાવીરને ડરાવવા આવ્યો હતો.

૨) ૩૨ લક્ષણવાળા બાળકનું નામ શું હતું ?

**જ:** ૨) ૩૨ લક્ષણવાળા બાળકનું નામ અમરકુમાર હતું.

૩) અમરકુમાર આગમાં જતાં જ રાજાને શું થયું ?

**જ:** ૩) અમરકુમાર આગમાં જતાં જ રાજા ચક્કર ખાઈને નીચે જમીન પર બેહોશ પડી ગયા.

૪) અતિમુક્ત અણગારે કેટલા શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું ?

**જ:** ૪) અતિમુક્ત અણગારે ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કર્યું હતું

૫) નાનકડા વર્ધમાન કેવી રીતે જાણ્યું કે આ દેવની માયા છે ?

**જ:** ૫) નાનકડા વર્ધમાન અવધિજ્ઞાનથી જાણ્યું કે આ દેવની માયા છે.

૬) ગૌતમ સ્વામી કયું તપ કરતા હતા ?

**જ:** ૬) ગૌતમ સ્વામી છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા હતા.

કોણ કોને કહે છે ?

૧) તું તારા પૂર્વભવનો વિચાર કર.

**જ:** ભગવાન મહાવીર ચંડ કૌશિકને કહે છે.

૨) મારે કાંઈ જોઈતું નથી.

**જ:** અમર કુમાર રાજા શ્રેણિકને કહે છે.

૩) આપનું ઘર કયાં છે અને આપ કયાં રહો છો ?

**જ:** અતિમુક્ત કુમાર ગૌતમ સ્વામીને કહે છે.

૪) "શું કહ્યું ? પુત્ર સ્પષ્ટ કરા".

**જ:** અતિમુક્તના માતા - પિતા પુત્ર અતિમુક્તને કહે છે.

**પ્ર.: ૫ કાવ્યની પૂર્તિ કરો :** **૧૦**

૧) વર્યા છે ........ ભવ્ય જીવોને.

**જ:** ૧) વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને
વળી છે સિધ્ધ પરમાત્મા કરીને ભસ્મ કર્મોને
બિરાજે મુક્તિપદમાં જે, નમું છું ભાવથી તેને
ધરી ચારિત્ર આચાર્યો, ધરાવે ભવ્ય જીવોને

૨) આપણે બનવું ........ નહિ કરીએ.

**જ:** ૨) આપણે બનવું મહાવીર, આપણે બનવું ગૌતમ
જંબુ જેવા થઇએ, મહાવીરનાં શાસનમાં
ચંદનવાળા બનીએ, મૃગાવતી બનીએ
સીતા જેવાં થઈએ, મહાવીરનાં શાસનમાં
જૂઠું નહિ બોલીએ, ચોરી નહિ કરીએ.

૩) દેવ અમારા ........ રગરગમાં.

**જ:** ૩) દેવ અમારા અરિહંતોને, ગુરુ અમારા નિગ્રંન્થો.
ધર્મ દયા પ્રધાન છે, ભાઈ મહાવીરનાં સંતાન છે.
શ્રધ્ધા ભરી છે અંતરમાં ને રંગ લાગ્યો છે રગરગમાં.

૪) આપણે કોના સંતાનં છીએ ?

**જ:** ૪) આપણે મહાવીરના સંતાન છીએ.

૫) કોના માટે બલિદાન આપશું ?

**જ:** ૫) ધર્મ માટે બલિદાન આપશું.

|| જય જિનેન્દ્ર ||